### અરવલ્લી જિલ્લાના ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર પર એક દિવસમાં

# ખેડૂતની ૧૨૫ મણ મગફળી ખરીદતા ખેડૂતોનો ઉગ્ર વિરોધ



તસવીર : મેહુલ જોષી




મોડાસા, તા. ૨૯ અરવલ્લી જિલ્લાના મગફળી ખરીદ કેન્દ્રો ઉપર ટેકાના ભાવે મગફળી વેચવા ખેડૂતોની લાંબી લાઈનો લાગે છે ત્યારે મોટી સંખ્યામાં મગફળી વેચવા આવેલા ખેડૂતોએ મગફળી એક વખતમાં ૧૨૫ મણ ખરીદવાના નિયમનો વિરોધ કરી સરકાર દ્વારા એક જ વખતમાં રજીસ્ટ્રેશન મુજબ ૧૮૨ મણ મગફળી ખરીદી કરવામાં આવે તેવી માંગ કરી હતી.

અરવલ્લી જિલ્લાના પાંચ મગફળી ખરીદ કેન્દ્રો પૈકી મોડાસા ખરીદ કેન્દ્ર ઉપર ખેડૂતો મગફળી લઈ ટેકાના ભાવે વેચવા આવે છે ત્યારે ખરીદ કેન્દ્ર ઉપર એક ખેડૂત પાસેથી એક વખતમાં માત્ર ૧૨૫ મણ મગફળી લેવાનાં સરકારના નિયમ સામે ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો હતો. એક ખેડૂતને બે એકર દીઠ ૧૮૨ મણ મગફળીનું રજીસ્ટ્રેશન કરવામાં આવે છે ત્યારે ખરીદી માટે માત્ર ૧૨૫ મણ કરવાનો નિયમ બનાવી સરકાર દ્વારા ખેડૂતોને હેરાન કરાતા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. સરકારના આવા નિર્ણયને કારણે ૧૨૫ મણથી વધુ મગફળી પકવનાર ખેડૂતને તેનો માલ વેચવા માટે બે બે વાર ધક્કા ખાવા પડતા વધુ ખર્ચાળ બનવા ઉપરાંત બીજી વખતના વારા માટે મહિનાઓ સુધી રાહ જોઈ બેસી રહેવું પડે છે. જેના કારણે ખેડૂતોએ સરકારના આ નિયમ સામે વિરોધ કરી આ નિયમમાં ફેરફાર કરાય તેવી માંગ કરી હતી.

બાજકોટ ખાતે નવા માર્કેટયાર્ડમાં મગફળી વેચવા આવેલ ખભીસરના ખેડુતે જણાવ્યુ હતું કે સરકરનો આ નિર્ણય ખેડુતો અન્યાય સ્વરૂપ છે. ખેડુતે વધારે મગફળી વાવી હોય તો શુ ખુલ્લા બજારમં ઓછા ભાવે વેચવી અન્ય યુવાન ખેડુત પ્રણવ પટેલે જણાવ્યું હતું કે ખેડૂતને ૧૨૫ મણ થી વધુ પકવેલી મગફળી બે વાર વેચાવા માટે આવવું પડે છે. જે ખુબજ મોંઘુ પડી રહ્યું છે ત્યારે સરકાર દ્વારા ખરીદીના નિયમમાં ફેરફાર કરાય તેવી ઉગ્ર માંગ કરી હતી.

આ અંગે ખરીદ કેન્દ્ર વિસ્તરણ અધિકારી નરસિંહભાઈ પટેલે જણાવ્યુ હતું કે મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી વેચવા માટે આવ્યા છે ત્યારે સરકારના નિયમ મુજબ મગફળીની ખરીદી કરવામાં આવે છે.



તસવીર : સંજય રાવલ

## કેરી વહેલા મળશે, સીઝન વગર આંબે મૌરના ગુચ્છા બેઠા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પીલુદા, સાંપડ રોડ ઉપર આવેલ મિતેશભાઈ પટેલના ખેતરમાં બીન સિઝનમાં આંબે મૌર આવતાં કુતુહલ જોવા મળી છે. રોડ સાઈડે આંબાનુ ઝાડ હોવાથી આંબે મૌર બેસતા આવતાં જતા લોકો આંબા ઉપર બેઠેલ મૌરના ગુચ્છા જોઈને લોકો કુદરતની લીલા સાથે ૠતુ પરીવર્તન માની રહ્યાં છે.

## ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા ૬૧.૩૧ લાખના ખર્ચે તૈયાર થયેલ ફાયર સ્ટેશન અને એલઈડી લાઈટીંગનું લોકાર્પણ

### ખેડબ્રહ્મા કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય વિસરાયા, પૂર્વ ધરાસભ્યનું નામ લખાયું

ખેડબ્રહ્મા, તા. ૨૯ ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા કાશીવિશ્વનાથ મંદિર પાસે ૬૧.૩૧ લાખના ખર્ચે નવીન ફાયર સ્ટેશન બનાવવામાં આવેલ છે. જેનું લોકાર્પણ ગુરુવારે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખ ભંડેરી દ્વારા તકતી અનાવરણ કરી ફાયર સ્ટેશન ખુલ્લું મૂક્યું હતું. આ પ્રસગે તેમને જણાવ્યું હતું કે હાલ ભાજપની સરકારમાં પડી રહે છે તેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે જયારે કોંગ્રેસના રાજમા ગ્રાન્ટ જ નોહતી મળતી. આ ઉપરાંત ખેડબ્રહ્મા સ્ટ્રીટલાઈટ ૯૭ લાખના ખર્ચે લગાડવામાં આવી છે તેની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.



બંને તકતીઓમાં ધનસુખ ભંડેરી, તથા નગરપાલિક સી.ઓ., પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન સહિત પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારાનું નામ લખવામાં આવ્યું છે. જ્યારે કોંગ્રેસના સીટીગ ધારાસભ્ય અશ્વિન કોટવાલનું નામ ન લાખવામાં આવતા રાજકારણ ગરમાયુ હતું.



તસવીર : રમેશ વૈષ્ણવ

આ અંગે વિરોધ પક્ષના નેતા પ્રવિનસીહ સોલંકીએ જણાવ્યું હતું કે ગત ટર્મ કોંગ્રેસની બોડી હતી ત્યારે જમીન મંજુર કરાવી ઠરાવ કરી કામગીરી ચાલુ કરવામાં આવ્યું હતું, પણ સત્તા બદલાતા ભાજપની સત્તા આવતા તેમને સીટીગ ધારાસભ્યનું નામ તકતીમાં ન લખી પૂર્વ ધારાસભ્યનું નામ લખી રાખતા વિપક્ષ કાર્યક્રમથી દૂર રહ્યો હતો.

આ અંગે ચીફ ઓફિસર એચ.એ. લોઢાવલાએ જણાવ્યું હતું કે આ નિર્ણય સદસ્યોનો છે હું કઈ જાણતો નથી.



પૂર્વ આરોગ્યમંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ ભાભર નગરપાલીકા હસ્તક, કનક પીસીઓથી મહાકાલી સ્વીટ માર્ટ સુધીના ૪૭ લાખથી વધુના ખર્ચે નિર્માણ થનારા આર.સી.સી. રોડનું ભૂમિપુજન કર્યું હતુ.

## દેરોલની સીમમાંથી બંદુક સાથે ડફેર પકડાયો

### એસઓજીએ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી બંદુક કબજે લીધી

હિંમતનગર, તા. ૨૯ હિંમતનગર-વિજાપુર રોડ પર આવેલ દેરોલ ગામની સીમમાંથી એસઓજીએ બાતમીને આધારે ગુરૂવારે ગેરકાયદે ફુલ્લીદાર બંદુક ધરાવતા એક ડફેરને પકડી લઈ તેની પાસેથી બંદુક કબજે લીધા બાદ આર્મ્સએક્ટ મુજબ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે એસઓજીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ દેરોલ પાસેની સીમમાં આવેલ બાપા સીતારામ હોટલની પાછળના ખેતરમાં એક ઈસમ ગેરકાયદે ફુલ્લીદાર બંદુક રાખે છે જે અંગેની બાતમી મળ્યા બાદ એસઓજીની ટીમે ગુરૂવારે દેરોલ પાસેની સીમમાં આવેલ હોટલ પાછળના ખેતરમાં છાપરૂ બનાવી રહેતા રહીમ ઉર્ફે મોડો હસનભાઈ સીંધી (ડફેર), રહે. વિજાપુરને પકડી તેની પૂછપરછ કરી હતી. ત્યારબાદ પોલીસે તેની પાસેથી રૂ. ૨૦૦૦ની કિંમતની ફુલ્લીદાર બંદુક કબજે લઈ તેની પાસેથી લાયસન્સ માંગવામાં આવ્યું હતું. પરંતુ ડફેર પાસે આવુ કોઈ લાયસન્સ ન હોવાથી પોલીસે આર્મસ એક્ટ મુજબ તેની અટકાયત કરી બંદુક કબજે લઈ તેની વિરુદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

## લીંભોઈ ગામનો યુવાન ખેલ મહાકુંભ લાંબી કૂદમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરતા ગ્રામજનોમાં આનંદ

મોડાસા, તા. ૨૯ તાજેતરમાં ગુજરાત રાજ્ય રમત-ગમત વિભાગ દ્વારા યોજાયેલ રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ-૨૦૧૮માં એથ્લેટિક્સમાં પુરુષ વિભાગની સ્પર્ધામાં મોડાસા તાલુકાના લીંભોઈ ગામના જૈમિન ધીરજભાઈ પટેલે લાંબી કૂદમાં ૬.૭૮ મીટર આંક પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમે રહી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી તેમજ ગુજરાત રાજ્ય પાટીદાર સમાજ સરદાર ધામ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત "સરદાર ઓલમ્પિક-૨૦૧૮"માં પણ લાંબી કૂદ, ૧૦૦ મીટર દોડ અને રીલે દોડમાં પણ સમગ્ર ગુજરાતમાં પ્રથમ ક્રમ મેળવતા જીલ્લા સહીત લીંભોઈ ગામનું નામ રોશન કરતા પ્રજાજનોએ અભિનંદન પાઠવ્યા હતા.





તસવીર : મેહુલ જોષી

## ભાભર તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન મંત્રીઓ સાથે બનાસ ડેરીએ યોજી ચિંતન શિબિર

પાલનપુર, તા. ૨૯ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં ભાભર તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન અને મંત્રીઓ સાથે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. દૂધના વ્યવસાયના વૈશ્વિક પ્રવાહોની સાથો-સાથ મંડળીઓના પ્રશ્નો સંઘ મારફતે હલ થાય તથા સંઘની મંડળીઓ પાસેથી શું અપેક્ષા રાખે તેવા વિવિધ પાસાઓને કેન્દ્રસ્થાને રાખીને, ડેરી-મંડળીઓ વચ્ચે સંપર્ક સેતુ મજબૂત બને તે હેતુથી દૂધ મંડળીઓના મંત્રીઓ અને ચેરમેનો સાથે રૂબરૂ ચર્ચા અહીં ચિંતન શિબિર ખાતે કરવામાં આવી હતી.

વધુમાં ચેરમેન શંકરભાઈએ દૂધ મંડળીના પ્રતિનિધીઓ સાથે સીધો સંવાદ સાધતા જણાવ્યું હતુ કે બનાસ ડેરી ટૂંક સમયમાં ગાય-ભેંસના છાણમાંથી પણ પશુપાલકોને આવક થાય તે માટેની યોજના બનાવી રહી છે, જેના પરીણામે રોજગારીની નવી તકો ઉભી થશે તથા ખેતી માટે કૃત્રિમ ખાતરનો શ્રેષ્ઠ વિકલ્પ એવું જૈવિક ખાતર પણ જીલ્લામાં ઉપલબ્ધ બનશે. દૂધના વ્યવસાયના વૈશ્વિક મંદીનો તબક્કો ટૂંક સમયમાં પુરો થવાનો અંદાજ આ વ્યવસાય સાથે સંકળાયેલા બુદ્ધિજીવીઓ લગાવી રહ્યાં હોઈ આવનારૂં દશક પશુપાલકોની સુખાકારીમાં વધારો કરનારૂં બની રહેશે તેમ શંકરભાઈએ અહીં જણાવ્યું હતુ.

દિયોદર ખાતેની નવી ડેરીની સાથે બટાકા પ્રોસેસીંગ ફેક્ટરી અને દાડમના જ્યૂસનો પ્લાન્ટ બનાસ ડેરી દ્વારા કરવામાં આવનાર છે તે બાબતની જાણ કરવાની સાથે શંકરભાઈએ જણાવ્યું હતુ કે આવનારા સમયમાં બનાસ ડેરી ઉત્તમ ગુણવત્તાની મિઠાઈના વ્યવસાયમાં પણ ઝંપલાવશે. દૂધના વ્યવસાયમાં ભવિષ્યના આયોજનો અને હાલના પડકારો વિષે ચેરમેન શંકરભાઈએ ભાભર તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન-મંત્રીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો.





## માલપુરના ડોડીયા ગામે કલેકટરના રાત્રી રોકાણ કાર્યક્રમમાં પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થતા ગ્રામજનોમાં આનંદ

મોડાસા, તા. ૨૯ અરવલ્લી જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન જીલ્લાના શહેરી, ગ્રામ્ય અને છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુવિધાઓ અને વિકાસશીલ બને તે માટે સતત પ્રયત્નશીલ છે. જીલ્લા કલેક્ટર જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વહીવટી તંત્રના અધિકારીઓ સાથે રાત્રી રોકાણ કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત રહી પ્રજાજનોના પ્રાણ પ્રશ્નોનું સ્થળ પરજ નિરાકરણ લાવતા રાત્રી રોકાણ કાર્યક્રમ ગ્રામજનોમાં ખુબજ આવકાર પામી રહ્યો છે.

માલપુર તાલુકાના સીસીટીવીથી સજ્જ અને ઈ-ગ્રામમાં જિલ્લામાં દ્રિતીય ક્રમ ધરાવતા ડોડીયા ગામે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન અને જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવીએ રાત્રી રોકાણ કાર્યક્રમમાં ગ્રામજનોના રસ્તા અને આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબદ્ધ કરાવવાના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ લાવી સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી. ગ્રામજનોને શિક્ષણક્ષેત્રે આગળ આવવા કુપોષિત બાળકો અંગે માર્ગદર્શન અને આધુનિક ખેતી કરવા અંગે ખેડૂતો સાથે લંબાણ પૂર્વક ચર્ચા કરી હતી. ડોડીયા ગામના વિકાસ માટે માર્ગદર્શન આપી ગ્રામપંચાયતની મુલાકાત પણ કરી હતી. ગ્રામજનોના સમસ્યાનું સમાધાન થતા ગ્રામજનોમાં આનંદ છવાયો હતો.







## સોજામાં શાળા આરોગ્ય કાર્યક્રમનો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૯ કલોલ તાલુકાના સોજા પ્રાથમિક કુમાર શાળામાં શાળા આરોગ્ય-રાષ્ટ્રીયબાલ સ્વાસ્થ્ય કાર્યક્રમનો શુભારંભ અન્ન પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડીયાના હસ્તે કરવામાં આવ્યો હતો. પૂર્વ ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી હિતેષભાઈ કોયા, જિલ્લા પંચાયત સભ્ય જયેશભાઈ ચૌધરી, મામલતદાર વી. આર. પટેલ, તાલુકા વિકાસ અધિકારી મૌલિક ડોંગા, સરપંચ શ્રીમતી દક્ષાબેન પટેલ ઉપસ્થિત રહેલ હતા.

તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદ પ્રજાપતિએ સ્વાગત કરેલ હતુ અને આરોગ્ય કાર્યક્રમની જાણકારી આપી હતી. સોજા ગામના નૈતિક અશોકભાઈ બજાણીયાની સફળ સર્જરી કરવામાં આવેલ હતી. તેનો અનુભવ જણાવેલ હતો. વૃક્ષારોપણ તથા પ્રદર્શન યોજવામાં આવેલ હતુ. આરોગ્ય કર્મચારીગણે કાર્યક્રમની સફળતા જહેમત ઉઠાવી હતી.

## માથાસુલિયા પ્રાથમિક શાળામાં મહાત્મા જ્યોતિબા ફૂલેનો પરીનિર્વાણ દિન ઉજવાયો

મોડાસા, તા. ૨૯ માથાસુલિયા પ્રા. શાળા, તા. મોડાસામાં આજરોજ ૨૮ નવેમ્બરના રોજ મહાત્મા જ્યોતિબા ફૂલેનો પરીનિર્વાણ દિવસ ઉજવવામાં આવ્યો. ધાર્મિક સુધારણા તથા સ્ત્રી શિક્ષણને ઉત્તેજના આપનાર, જાતિવાદ પ્રથાના વિરોધી અને એકેશ્વરવાદમાં માનવાવાળા જ્યોતિબા ફૂલે વિશે આજરોજ શાળાના બાળકોને સમજણ આપવામાં આવી હતી. શાળાના સા.વિ.ના શિક્ષક રણજીતકુમાર વણકર દ્વારા મહાત્મા જ્યોતિબાનું જીવનચરિત્ર બાળકોને વિસ્તૃતપણે સમજાવવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુ.શિ.ની હાજરીમાં ડૉ. શિવશંકર જોષીએ કર્યુ હતુ.



ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## મોડાસા ખાતે વ્યસનમુક્તિ અંગે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

અર્બન હેલ્થ સેન્ટર મોડાસા દ્વારા નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત વ્યસનમુક્તિ અંગે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયુ હતુ. જેમાં આયુષ મેડીકલ ઓફિસર ડૉ. રોહિતભાઈ, સુપરવાઈઝર રેણુકાબેન, કનુભાઈ ખાંટ, જી. બી. પટેલ, પ્રાથમિક વિભાગના આચાર્યા ચંદ્રિકાબેન વાળંદ તેમજ શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં વૈભવ રાઠોડ, દિશા બ્રહ્મભટ્ટ, પૂજા પટેલ વિજેતા બન્યા હતા. તેમને તેમજ તમામ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવ્યા હતા. ડૉ. રોહિતભાઈએ તમાકુ વ્યસન અંગે ઉદ્દ્બોધન કર્યુ હતુ. પ્રમુખ બીપીનભાઈ શાહ, પ્રભારીમંત્રી પંકજભાઈ બુટાલા, કે.કે. શાહ, ઓ. એસ. જે.કે. પટેલ વગેરે સૌને અભિનંદન આપ્યા હતા. નિર્ણાયકોમાં એન. એન. રાઠોડ તેમજ જે.પી. મિસ્ત્રી હતા. સંચાલન શ્રીમતી દિક્ષિતાબેન ભાવસાર, પ્રાર્થનાગાન પી.ડી. બારોટ અને વિદ્યાર્થીઓએ કર્યુ હતુ.



## તલોદના પાંચ ગામોમાં મમતા ડોલી સ્ટ્રેચરની સુવિધાનો નવતર અભિગમ

તલોદ, તા. ૨૯ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અંતરીયાળ વિસ્તારના પ્રજાજનો તથા દરદીઓને મળે તે માટે ૧૦૮ જીવીકે ઈમરજન્સી મેનેજમેન્ટ દ્વારા "મમતા ડોલી સ્ટ્રેચર"ની સુવિધાનો એક નવતર અભિગમ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં અમલમાં મુકવામાં આવેલ છે. જ્યાં તાલુકાના ૫ ગામોમાં મમતા ડોલી સ્ટ્રેચરનું વિતરણ કરવામાં આવેલ છે.

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના સોનગઢ, કાળીકાંકર, ગૌરી, દલસર અને સેમ્બલીયા જેવા ૫ અંતરીયાળ ગામોમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા પહોંચી શકે તેવી ત્યાંની ભૌગોલિક સ્થિતિ નહિ હોવાને કારણે માતા મરણનો આંકડો વધવાની સંભાવનાને પગલે આ ૫ ગામોમાં જાહેર જન સુવિધા અન્વયે ત્યાંના સરપંચોને પોશીના તાલુકા હેલ્થ ઓફીસર ડૉ. જીતેન્દ્ર જાદવના હસ્તે ૫ મમતા ડોલી સ્ટ્રેચરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા ૧૦૮ ઈમરજન્સી મેનેજમેન્ટ એક્ઝીક્યુટીવ કેવલ ઠાકર તથા ફ્લીટ ટેકનીકલ પાયલોટ ધર્મેન્દ્રસિંહ ચંપાવત અને પોશીના ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ તથા જે તે ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ખાસ કરીને અસહ્ય પ્રસવ પીડા વખતે ગર્ભવતી મહિલાઓને માટે તથા અબાલવૃદ્ધ દરદીઓ માટે આ મમતા ડોલી સ્ટ્રેચર આશિર્વાદરૂપ પુરવાર થશે. જે સ્ટ્રેચર દ્વારા જે તે દરદીના ઘર આંગણેથી ડોલી સ્વરૂપે આ સ્ટ્રેચરમાં દરદીઓને ૧૦૮ એમ્બ્યલુન્સ સુધી અને ત્યાંથી હોસ્પિટલ સુધી પહોંચાડવાની સુવિધા પુરી પાડવામાં આવશે જેથી માતા મરણની ટકાવારી ચોક્કસ ઘટશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.